# પ્રાંતિજના ગોકુલ પાર્ક સોસાયટીમાં ગટર ઉભરાતા રહીશો ત્રાહિમામ

### રહીશોએ તંત્રને જાણ કરવા છતાં હજુ સુધી કોઈ ફરક્યુ નથી

પ્રાંતિજ, તા.૨૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ ગોકુલ પાર્ક સોસાયટી માં છેલ્લા કેટલાક દિવસો થી સોસાયટી નીજ ગટર લાઈન ઉભરાતા રજુઆતો કરવામાં આવી છતાં પાલિકા તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી ના કરવામાં આવતાં સોસાયટી ના રહીશો ગટર ના પાણી રસ્તા ઉપર આવતાં દુરગંદ મારતા ત્રાહિમામ પોકારી ઉઠયા છે અને વધુ દિવસો થશે તો રોગ ચારો ફેલાયતો નવાઈ નહી.


(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

મળતી માહિતી મુજબ પ્રાંતિજ ના નગરપાલિકા વિસ્તારમાં આવેલ ગોકુલ પાર્ક સોસાયટી માં ગટર લાઈન ચોકઅપ થતાં સોસાયટી માં પાછળ ની લાઈન માં આવેલ વિસ્તારમાં રસ્તા ઉપર આવી જતાં અને સોસાયટી ના રહીશો ના ગેટ સુધી ગટર નુ પાણી પ્રસરી જતાં પાછળ ની લાઈનમાં રહેતા રહીશો દ્વારા પ્રાંતિજ ખાતે આવેલ નગરપાલિકા કામા અનેક વાર રજુઆતો કરવા છતાં તંત્ર ના બહેરાશ કાને વાત જઈના હોય તેમ લાગી રહ્યું છે.

જયારે સોસાયટી ના રહીશ દિપકભાઈ ના જણાવ્યા પ્રમાણે તેમણે ગટર લાઈન ઉભરાતા અનેક વાર રજુઆતો કરીછે પણ કોઈ માઈકા લાલ અહી ફરકો નથી અને અંહી પાણી ભરાવાથ એટલી વાંસ મારે છેકે સાંજના સમયે કે બપોર ના સમયે જો ધરની બહાર બેસવામાં આવેતો નાકના ટેડવા પણ ચડી જાયછે ત્યારે તંત્ર માં જાણે ચલતા હે હોતા હે જેવી સ્થિતિ જોવા મલી રહીછે જયારે હાલ તો રહીશો દ્વારા ને ગટર ના ગંદા પાણી માથી અવર જવર કરવું પડે છે અને આવનાર દિવસો માં ઝડપી તંત્ર દ્વારા નિકાલ નહી કરવામાં આવેતો મચ્છર જન્ય રોગ ગરમી માં વધે તો રહિશો ની હાલત આનાથી પણ કફોડી થશે તો નવાઈ નહી જેથી પાલિકા સતાધિશો દ્વારા ઝડપી નિણય લઈ આ સોસાયટી ના હિતમાં નિણય લે તે વધુ જરૂરી બન્યું છે.


અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના વડાગામમાં આવેલા શ્રી મહાકાળી માતાજીના મંદિરમાં છઠ્ઠા પાટોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વડાગામ અને આજુબાજુના ગ્રામ્ય વિસ્તારમાંથી મોટી સંખ્યામાં માઈભક્તો ઉમટી પડ્યા હતા. મંદિરના ટ્રસ્ટી પંકજભાઈ પટેલ અને ટ્રસ્ટીગણ દ્વારા પાટોત્સવમાં ઉમળકાભેર દર્શન કરવા માટે આવેલા માઈભક્તો માટે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. આજે યોજાયેલા છઠ્ઠા પાટોત્સવમાં વડાગામના પ્રજાજનોએ હાજર રહી બહારગામથી આવેલા માઈભક્તોની સરભરા કરી હતી. (તસવીર : બાબુભાઈ પટેલ, વડાગામ)

# પ્રાંતિજના ઘડી મુકામે કૃષિ મહોત્સવ કાર્યક્રમ યોજાયો

### ખેડૂતોને લગતા પ્રશ્નો કૃષિ વિજ્ઞાનિકો તથા તજજ્ઞો દ્વારા માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું : ૫ લાખ ૬૦ હજારના ચેકોનું વિતરણ કરવામાં આવ્યું

પ્રાંતિજ, તા.૨૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના ઘડી મુકામે ગુજરાત સરકાર દ્વારા કુષિ મહોત્સવ ૨૦૧૫ નું બે દિવસ માટે નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ખેડૂતો ને પલાખ ૬૦હજાર સુધીના ચેકનું વિતરણ કરવામાં આવ્યું હતું.

પ્રાંતિજના ઘડી મુકામે બે દિવસ માટે કુષિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં ઘડી તથા આજુબાજુ માંથી મોટી સંખ્યામાં ખેડૂતો ઉમટી પડયા હતાં અને કુષિ તથા પશુપાલન સાથે સંકળાયેલા ખેડૂતો ને જુદા જુદા ખેતીના તજજ્ઞો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

જયારે બાજુમાં ૨૦ અલગ અલગ કંપનીઓના સ્ટોલ ખોલવામાં આવ્યા હતાં. જેમાં ખેડૂતો ને વિવિધ દવાઓ તથા માહિતગાર ની પુસ્તકોનું વેચાણ કરવામાં આવ્યું હતું જેમાં સ્ટોલ ની આવક ૩૦૦૦ થતા તે આવક ની રકમ ઘડી ગામ ખાતે ગ્રામ પંચાયતને કુષિ લાઈબ્રેરી બનાવવામાટે અપાઈ હતી.

જયારે ખેડતોને ૧લાખ રૂપિયા નો અકસ્માત વિમાતથા વિવિધ યોજનાઓની સમજ આપવામાં આવીહતી.જયારે મામલતદાર કચેરી દ્વારા મહોત્સવના સ્થળ પાસે આધારર્કાડ, રેશનર્કાડ ઈ-ધરા વારસાઈ જેવી કામગીરી સ્થળ સેવાઓ અપાતા ખેડૂતો ને કચેરી ઓના કામમાં સરળતા રહીહતી. જયારે આપ્રસંગે પૂર્વ મંત્રી જયસિંહ ચૌહાણ , વીડી ઝાલા , તલોદપ્રાંતિજ પાંન્ત અધિકારી ટી.કે વાઘેલા વગેરે ઉપસ્થિત રહ્યા હતા જયારે કુષિ મહોત્સવનું સુંદર આયોજન પ્રાંતિજ મામલતદાર એ. એ. ડોડીયા, ટી. ડી.ઓ. ડી. બી. મકવાણા, નોડલ અધિકારી એચ. આર. પટેલ દ્વારા સમગ્ર કુપિ મહોત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

# પાલનપુરમાં કલેક્ટરની આગેવાનીમાં વિવિધ સમિતિઓની બેઠક યોજાઈ


(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર, તા.૨૯

પાલનપુર મુકામે કલેકટર શ્રી દિલીપ રાણાના અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ હતી. બેઠકમાં રસ્તા, પાણી, વીજળી, દબાણ દૂર કરાવવાં, પ્રવાસન વિકાસ, વરસાદી પાણીનો નિકાલ વગેરે વિશે ચર્ચા કરવામાં આવી હતી. ઉપરાંત શૌચાલય યોજનાનો અમલ સમગ્ર જીલ્લામાં છેવાડાના વિસ્તારો અને નાગરિકો સુધી થાય, શાળાઓમાં શિક્ષકોની ઘટ તથા પીવાના પાણી અને એસ. ટી. બસોના સ્ટોપેજ અંગે તથા ૧મે થી ૧૫ મે દરમિયાન સફળતાપૂર્વક સફાઈ ઝુંબેશ હાથ ધરવા ચર્ચા વિચારણા કરી કલેકટરશ્રીએ સબંધીત અધિકારીઓને જરૂરી કામગીરી કરવા માર્ગદર્શન અને સુચના આપી હતી.

બેઠકમાં ધારાસભ્યો સર્વશ્રી શ્રી પરબતભાઈ પટેલ, શ્રી જોઈતાભાઈ પટેલ, શ્રી ગોવાભાઈ રબારી, શ્રી મહેશભાઈ પટેલ, શ્રી કાન્તીભાઈ ખરાડી, જિલ્લા વિકાસ અધિકારી શ્રી એચ. કે. પટેલ, નિવાસી અધિક કલેકટરશ્રી એન. ડી. મિસ્ત્રી, ડેપ્યટી કલેકટરશ્રી આર. આઈ. શેખ સહીત પ્રાંત અધિકારીશ્રીઓ અને વિવિધ કચેરીઓના અધિકારીઓ ઉપસથિત રાહ્યા હતા.

## એસ.ટી. કામદારોના પડતર પ્રશ્નો અંગે

# ૩૦મીએ માસ સી.એલ. પર જવા યુનિયનોનું એલાન

ઊંઝા, તા. ૨૯

ગુજરાત એસ.ટી. નિગમના કામદારોની પડતર માંગણીઓનો ઉકેલ ન આવતાં તા. ૩૦મી એપ્રિલના રોજ એક દિવસની માસ સી.એલ. લઈ આંદોલનને સફળ બનાવવા માન્ય યુનિયનોએ કામદારોને હાંકલ કરી છે.

એસ.ટી. વર્કર્સ ફેડરેશનના યુનિટ મંત્રી નરેશભાઈ પટેલ તથા મુકેશભાઈ પટેલે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, કેન્દ્ર સરકાર દ્વારા રોડ ટ્રાન્સપોર્ટ એન્ડ સેફટી બીલ ૨૦૧૪ લાવવામાં આવી રહેલ છે. જે એસ.ટી. નિગમ, કર્મચારીઓ અને મુસાફરોના વિરૂદ્ધમાં હોઈ આ બિલનો વિરોધ કરી તેને રદ કરવાની માગણી કરીએ છીએ. તા. ૧-૧-૨૦૦૬ થી છઠ્ઠા પગાર પંચનો લાભ આપવા અને તેની વિસંગતતા દૂર કરવા કમિટિની રચના કરવામાં આવી છે. પરંતુ હજી સુધી તેનો કોઈ ઉકેલ આવ્યો નથી. આ ઉપરાંત મધ્યસ્થ કચેરી ગીતામંદિર ખાતે નવિન બંધાયેલ બસ સ્ટેશનમાં લાવવા, આશ્રિતોને નિગમમાં કાયમી નોકરી આપવા, ફિક્સ પગારની જગ્યાએ કાયમી પગાર ધોરણમાં નોકરીના નિયમનુસાર રજાઓ તથા અન્ય લાભો આપવા નિગમના કાયમી વર્ગ-૩ અને ૪ તથા પાર્ટટાઈમ, રોજમદાર, બદલી કામદાર અને કાયમી કામદારોને એક્સગ્રેસીવ બોનસનો લાભ આપવા, કોમ્પ્યુટરની સી.સી.સી. પરીક્ષામાંથી મુક્તિ આપવા, તમામ કક્ષાના કર્મચારીઓને કાયમી કરવા, ડ્રાઈવર કમ કંડ્કટર જેવા કામદારો પાસેથી કોઈપણ એક જ કામગીરી લેવી, ડ્રાઈવર કંડકટર માટે બસ સ્ટેશનોના રેસ્ટ રૂમોમાં સંપૂર્ણ સુવિધા આપવી, સ્ત્રી કર્મચારીઓ માટે અલગ રેસ્ટરૂમ, શૌચાલય બાથરૂમની વ્યવસ્થા કરવી, નવી ભરતી કરવી, નનામી અરજીઓ દફતરે કરવી, નવા પગાર ધોરણ મુજબની ચૂકવણી કરવા, કનડગત દૂર કરવા, પી.એફ.ની કપાત બાર ટકા કરવા, ગેરકાયદે સંચાલન બંધ કરવા જેવા પ્રશ્નોનો કોઈ ઉકેલ આવ્યો નથી. જેથી તા. ૩૦-૪-૨૦૧૫ના રોજ એક દિવસની માસ સી.એલ. પર જઈને આંદોલનને સફળ બનાવવા કર્મચારીઓને એલાન અપાયેલ છે.

# શામળાજી આરટીઓ ચેકપોસ્ટથી ૨.૯૨ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

મોડાસા, તા. ૨૯

અરવલ્લી જિલ્લાનુ સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી નજીક આવેલી રતનપુર ચેકપોસ્ટ એટલે બુટલેગરોને વિદેશી દારૂ ગુજરાતમાં ઘુસાડવા માટેની સરળ માર્ગ પરંતુ શામળાજી પી.એસ.આઈ. એ.કે. વાળાને બુટલેગરોએ કાર ચડાવી કચડી નાખી મૃત્યુ નિપજાવતાં પોલીસ બેડામાં આક્રોશ છવાયો હતો અને પોલીસ અધિકારીઓએ દૂધ પાઈને મોટા કરેલા બુટલેગરોને ઝડપી પાડવા શામળાજીના એડહોક પી.એસ.આઈ. એ.પી. ઝાલાએ અને તેમના સ્ટાફે પેટ્રોલીંગ સઘન બનાવતાં બૂટલેગરોમાં ફફડાટ ફેલાયો છે. અને પોલીસ ઝડપથી બચવા અને ગુજરાતમાં વિદેશી દારૂ ઘુસાડવા નિતનવા નખરા અજમાવાની શરૂઆત કરી દીધી હોવા છતાં બુટલેગરોનો વિદેશી દારૂ ઝડપી પાડવામાં આવતો હોવાથી બુટલેગરો ઘોઘવાયા બન્યા છે.


(તસવીર : જય અમીન, મોડાસા)

શામળાજી નજીક આવેલી આરટીઓ ચેકપોસ્ટ પાસેથી મંગળવારે સવારે શામળાજી પોલીસને મળેલી બાતમીના આધારે રાજસ્થાનથી ડાલામાં ભરી ગુજરાતમાં ઘુસાડવામાં આવતા ૭૩૨ નંગ વિદેશી બોટલોનો જથ્થો રૂ. ૨.૯૨ લાખનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો હતો. તેમજ ડાલાની કિંમત સહીત કુલ ૫.૯૩ લાખનો મુદ્દામાલ કબ્જે લઈ દારૂ ભરી આવતા બે શખ્સોની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



રાજસ્થાનમાંથી વિદેશી દારૂ ભરી જીપડાલુ (ગાડી નં. જીજે૧ટીવી૦૩૨૫) શંકાસ્પદ જમાતાં તપાસ અર્થે ઉભુ રાખવામાં આવ્યુ હતુ. જેમાં તલાશી લેતાં પોલીસની નઝરથી બચવા જીપડાલામાં ચોરખાના બનાવી થેલામાં ભરીને વિદેશી દારૂની કુલ ૭૩૨ બોટલો છુપાવીને રાખવામાં આવતી હતી. પરંતુ બાતમી હોવી પોલીસે ચોરખાનામાંથી વિદેશી દારૂ ઝડપી પાડી રાજસ્થાનના ભરતસિંહ નગુરામ ગુર્જર તેમજ બીજેન્દર વિશ્રામભાઈ ગુર્જરની ધરપકડ કરી તેમજ ગુનામાં મદદગારી કરનાર વિનોદ ચાવડાની શોધખોળ આદરી બન્ને શખ્સો સામે સામળાજી પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. ઝાલાએ પ્રોહિબેશન એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# અરવલ્લીમાં બાગાયતી પાક પપૈયામાં માવઠાની અસર જોવા મળી : ફુગજન્ય રોગની અસર

અરવલ્લી જિલ્લામાં ભર ઉનાળે અષાઢી માહોલ સર્જાયો હોય તેમ એક જ સપ્તાહની અંદર સતત બે થી વધારે વાર માવઠુ થયુ હતુ. જેમાં અરવલ્લી જિલ્લાના ભૂમિપુત્રોના વાવેતર કરેલા પાકનો સોથ વળી ગયો હતો. ત્યારે જિલ્લામાં બાગાયતી પાકોનું વાવેતર કરનાર ખેડૂતો પણ બરબાદ થઈ ગયા હતા પરંતુ પપૈયાના પાકને નુકશાનની અસર હવે વર્તાતા પપૈયાનું વાવેતર કરનાર ભૂમિપુત્રો પણ માવઠાની અસર હેઠળ દેવાના ડુંગર નીચે દબાઈ જતાં બેહાલ બની ગયા છે.

અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકા અને મોડાસા તાલુકાના ખેડૂતોએ ચાલુ વર્ષે બગાયતી પાકો જેવા કે તડબૂચ, શક્કરટેટી, કાકડી અને પપૈયાનું વાવેતર મોટે પાયે કર્યુ હતુ. હમણા થોડાક દિવસ પહેલા થયેલા માવઠામાં સતત બે દિવસ સુધી વરસેલા વરસાદથી અને છેલ્લા સપ્તાહથી ગરમી પડતાં લૂ સાથે પવનો ફૂંકાતા પપૈયાના તૈયાર ફળ છોડ પર જ પીળા પડી જવાની સાથે ફૂગજન્ય રોગ પણ લાગુ પડતાં પપૈયાની વાડીઓમાં ફલો સડી જઈ સુકાઈ જતાં ખેડૂતોમાં ચિંતા પ્રસરી છે. જિલ્લાના ભૂમિપુત્રોએ પોતાના મહામુલા પાક પપૈયાને અસહ્ય તડકાથી બચાવવા પપૈયાની આજુબાજુ સફેદ પતલા રેક્ઝીનનો ઉપયોગ કરવા છતાં પણ પપૈયા લૂલાગવાથી છોડ પરથી ગરી પડતાં નુકશાની ભોગવવી પડે છે. મોતીપુરા (દેવીપુરા) કંપામાં પપૈયાની વાડી કરનાર બલભદ્રસિંહ બાપુના જણાવ્યા અનુસાર થોડાક દિવસો પહેલા થયેલા માવઠાથી પપૈયાના કુમળા પાકમાં કાંણા પડી જવાથી ફૂગજન્ય રોગના ભરડામાં આવી જતાં ફળો સુકાઈ જઈ છોડ પરથી ખરી પડતા અને છેલ્લા સપ્તાહથી અસહ્ય તાપમાનમાં વધતાં ગરમ પવનમાં પપૈયાના ફળ પર રોગના કારણે પપૈયાનો પાક સીકી જતાં વિઘાએ ૨૫ હજારથી વધારે નુકશાન જતુ હોવાથી ચાલુ સાલે મારા ૧૦ વીઘા જમીનમાં કરેલી પપૈયાની વાડીથી અંદાજે ૩ લાખથી વધારે નુકશાની સહન કરવી પડશે. અરવલ્લી જિલ્લામાં બગાયતી પાકનું વાવેતર કરતા ભૂમિપુત્રો મોંઘા બિયારણ અને દવાઓનો છંટકાવ કરતા હોવા છતાં મહામુલા પાકને બચાવી ન શકતાં ખેડૂતોની હાલત કફોડી બની ગઈ છે.


(તસવીર : જય અમીન, મોડાસા)

# ભિલોડા એન.આર.એ.વિદ્યાલયમાં સમર કોચીંગ કેમ્પનો શુભારંભ

(પ્રતિનિધિ ધ્વારા) ભિલોડા,તા.૨૯

અરવલ્લી જીલ્લાના ભિલોડા એન.આર.એ.વિદ્યાલયમાં સમર કોચીંગ કેમ્પનો શુભારંભ યોજાયો.ખેલ મહાકુંભમાં ફુટબોલ તથા હેન્ડબોલના જીલ્લા કક્ષાના વિજેતા ખેલાડીઓનો સમર કોચીંગ કેમ્પ ભિલોડાની એન.આર.એ.વિદ્યાલયમાં યોજાયો છે.ઉદ્ઘાટન પ્રસંગે ભિલોડા તાલુકા પંચાયત પ્રમુખ અમરતભાઈ બરંડા,જીલ્લા ભાજપ ઉપપ્રમુખ ગુણવંતભાઈ ત્રિવેદી,સરપંચ મનોજભાઈ પટેલ,જનસેવા સંઘ ઉપપ્રમુખ કમલેશભાઈ મહેતા,ભિલોડા વેપારી એસોસીએશન પ્રમુખ મુકેશભાઈ ત્રિવેદી,આચાર્ય આર.કે.પટેલ ઉપસ્થિત રહ્યા હતા.સમર કોચીંગ કેમ્પ કો-ઓ.મુકેશભાઈ સી.ત્રિવેદી,કોચ દિનેશભાઈ ચૌધરી,યોગેશભાઈ પટેલ સહિત સ્ટાફ પરીવાર ધ્વારા સેવા આપી રહ્યા છે.

# ડીસામાં એસ.બી.આઈ. એટીએમમાં છેલ્લા ૧ ૨ માસથી યાંત્રિક ખામીને કારણે તાળાબંધી

ડીસા, તા.૨૯

ઓટોમેટિક ટેલર મશીનને ઘણાં એની ટાઈમ મની પણ કહે છે.આ સુવિધા આધુનિક જગતમાં ગ્રાહકો માટે ભારે આશીર્વાદ સ્વરૂપ છે ત્યારે વહેપારી મથક ડીસા નાં ભરચક એવા બસસ્ટેન્ડ વિસ્તારમાં મુકવામાં આવેલ એસ.બી.આઈ.નું એટીએમ છેલ્લા ૧ ૨ માસ થી તકનીકી ખરાબી એ ધૂળ ખાઈ રહ્યું છે,જેનાથી અહી નિત્ય આવતા હજારો ગ્રાહકો આ દુવિધા થી ત્રસ્ત બન્યા છે


(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

બનાસકાંઠા નાં ડીસામાં એસ.બી.આઈ. શાખા દ્વારા પોતાના લાખો ગ્રાહકો ને એટીએમ ની સુવિધા મળે તે ઉમદા હેતુ થી બેંક ની મુખ્ય શાખા ,હાઈવે વિસ્તાર માટે ગાયત્રી મંદિર નજીક અને સહુ થી વધુ ગ્રાહકો નો ઘસારો રહે છે તે પબ્લિક પ્લેસ એવા નવીન બસ સ્ટેન્ડ ખાતે એટીએમ મુકવામાં આવ્યા હતા,જોકે જયાં સહુથી વધુ લોકો નો ઘસારો છે તેવા બસ સ્ટેન્ડ ખાતેનું એટીએમ છેલ્લા ૧ ૨ માસ થી યાંત્રિક ખામીએ બંધ છે અને ધૂળ ખાઈ રહ્યું છે,બેંક નાં સુત્રો નું માનીએ તો આ મશીન માં જે યાંત્રિક ખામી સર્જાઈ છે તેની મશીનરી વિદેશમાં થી આવે છે તો સવાલ એ પણ થાય છે કે ૧ ૨ માસ ના લાંબા સમય સુધી વિદેશ માં થી જરૂરી મશીનરી લાવવામાં બેંક સત્તામંડલ કેમ ઉણું ઉતર્યું છે, અહી નિત્ય હજારો ગ્રાહકો આવે છે પણ એટીએમ બંધ હોઈ ભારે દુવિધા અનુભવે છે ત્યારે શોભાના ગાંઠીયા સમાન ભાસતું આ એટીએમ મશીન ક્યારે શરુ થશે તે બાબત પર અનેક સવાલ ઉભા થયા છે.

આ બાબતે સ્થાનિક ગ્રાહક ભુપેન્દ્રભાઈ દવે એ જણાવ્યું હતુ કે‘ અહી બસસ્ટેન્ડ માં નિત્ય ૧૦ હજારથી વધુ મુસાફરો આવે છે જે અહીં એટીએમ મશીન છે તે આશાએ મશીન નજીક પહોચે છે જોકે એટીએમ મશીન ને તાળા જોઈ નિરાશ થાય છે, ૧ ૨ માસ થી આ એટીએમ બંધ હોઈ બેંક ની પણ પ્રતિસ્થા પર લોકો સવાલ કરી રહ્યા છે તેવું તેમને જણાવ્યું હતું,જોકે આ બંધ એટીએમ ક્યારે પુનઃ શરુ થશે તે બાબત નિરુત્તર રહેલ છે.

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧